ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર

અખબારી યાદી

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર ખાતે નોંધાયેલ રાજયની તમામ માધ્યમિક શાળાઓના આચાર્યશ્રીઓને જણાવવામાં આવે છે કે, ધોરણ-૧૦ GSOSના પરીક્ષાર્થીઓના શાળા કક્ષાના તથા વોકેશનલ વિષયની પરીક્ષાના ગુણ બોર્ડની વેબસાઇટ **gseb.org** અને **sscmarks.gseb.org** પરથી શાળા દ્વારા ઓનલાઇન તા.૨૬/૧૧/૨૦૨૬ થી તા.૦૫/૧૨/૨૦૨૬ સુધીમાં ભરવાના રહેશે. જેની તમામ સંબંધિતોને નોંધ લેવા અને સમય મર્યાદામાં ઓનલાઇન ગુણ ભરવા જણાવવામાં આવે છે. પરીક્ષાર્થીના વિષયો બાબતે કે અન્ય કોઇ વિસંગતતા જણાય તો બોર્ડની ગાંધીનગર ખાતેની કચેરીની માધ્યમિક શાખાનો જરૂરી આધારો સાથે સંપર્ક કરવાનો રહેશે.

નોંધ:-૧) પરીક્ષાર્થીઓના ગુણ પરીક્ષાર્થીઓના નામ અને એપ્લીકેશન નંબરના આધારે ભરવાના રહેશે. ઓનલાઇન ગુણ ભરવા માટે આપની શાળાના ઇન્ડેક્ષ નંબર અને નોંધાયેલ મોબાઇલ નંબરનો ઉપયોગ કરી લોગીન કરી શકાશે.

૨) જે શાળાઓમાં **GSOS** પરીક્ષાર્થીઓએ વોકેશનલ વિષય પસંદ કરેલા છે. તેવી શાળાઓએ સેકટર સ્કીલ કાઉન્સીલ **(SSC)** દ્વારા કરવામાં આવેલ પ્રાયોગિક મૂલ્યાંકનના **50** ગુણ માંથી ઉમેદવારે મેળવેલ ગુણ પણ સેકટર સ્કીલ કાઉન્સીલ **(SSC)**ના પ્રતિનિધિશ્રી પાસેથી મેળવી શાળા દ્વારા જ ઓનલાઇન ભરવાના રહેશે.

(આર.આર. વ્યાસ)
સચિવ
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડ,
ગાંધીનગર

તારીખ:-૨૫/૧૧/૨૦૨૬
સ્થળ :-ગાંધીનગર